ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



રમીલાબેન શાંતિલાલ ઘોઘારી
મો. ૯૯૨૫૦ ૪૩૭૪૦



દક્ષાબેન શુક્લ
બ્રહ્મસમાજ મહિલા પાંખ
મો. ૭૫૬૭૭ ૯૧૪૨૭



ઉષા જે ગજ્જર
લાયોનેસ ક્લબ



ક્રિમા તલાટી
જસ્ટ મિરર બ્યુટી સલૂન એન્ડ એકેડેમી



દર્શના એન રાંક
જિલ્લા પૂરવઠા અધિકારી



પાર્થ સુથાર
મો. ૯૬૩૮૧ ૫૦૨૦૯

### અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ ખાતે

# ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન યોજાયું






ગાંધીનગર, તા. ૨૨

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ, સૅક્ટર-૨૩ ખાતે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન યોજવામાં આવ્યું હતું. સત્કાર ગાર્ડન રેસ્ટોરન્ટ, કુડાસણ ખાતે યોજાયેલા આ સંમેલનમાં ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા. સંમેલનની શરૂઆતમાં કૉલેજનાં આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝાએ સ્વાગત પ્રવચન કરી ઉપસ્થિત પૂર્વ વિદ્યાર્થીઓને આવકાર્યા હતા અને વિવિધ ક્ષેત્રોમાં તેમણે ભરેલી હરણફાળ અંગે વાત કરી હતી.

કૉલેજના ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર ડૉ. રણછોડ રથવીએ વિદ્યાર્થીઓને સંબોધતાં જણાવ્યું હતું કે સંમેલનનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને એક મંચ ઉપર લાવવાનો અને પારસ્પરિક સંવાદ સ્થાપવાનો છે. કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી સંગઠનના ઈન-ચાર્જ ડૉ. ધર્મેન્દ્ર પટેલે વિદ્યાર્થીઓનું સ્વાગત કરી શિક્ષણ ક્ષેત્રે સર્વ વિદ્યાલયના યોગદાનની વાત કરી હતી અને ઉપસ્થિત પૂર્વ વિદ્યાર્થીઓને એક વર્ષ પછી યોજાનાર હીરક મહોત્સવમાં જોડાવા અને સંસ્થાને મદદરૂપ થવા આહ્વાન કર્યું હતું. આ પ્રસંગે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ પોતાનાં સંસ્મરણો તાજાં કરી કૉલેજ અંગે પોતાના અભિપ્રાય રજૂ કર્યા હતા તથા કૉલેજની શૈક્ષણિક પ્રવૃત્તિઓને બિરદાવી હતી. ઉપરાંત આ પ્રસંગે સમાજના વિવિધ ક્ષેત્રોમાં સ્થાયી થયેલા વિદ્યાર્થીઓને સન્માનવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ પોતાના જૂના મિત્રો અને અધ્યાપકોને મળીને પોતાના જીવનની સોનેરી યાદોને તાજી કરી હતી.

## વસંતનાં વધામણાં



કોયલની કૂક સાથે વાસંતી વાયરાએ 'ઋતુરાજ'ના આગમનની આલબેલ પુકારી છે. વૃક્ષોએ નૂતન પરિવેશ ધારણ કર્યો છે. કળીઓ ફૂટૂં... ફૂટું થતી ફૂલમાં ફેરવાઈ છે. આમ્રમંજરી ચોતરફ મહેંકી રહી છે. વાતાવરણને મહેંકાવતા ઉપવને મીઠી સુવાસની હાટડીઓ માંડી દીધી છે. શિશિરના સૂસવાટા શમી ગયા છે. પ્રેમીઓના હૈયે હલચલ મચી ગઈ છે. છોડવા, વૃક્ષો નવપલ્લવિત થઈ વસંતને વધાવે છે.

ચાલો, હેતભર્યા હળવા હાથે વસંતને વધાવીએ. સ્ફૂર્તિનાં સરોવરો છલકાયાં છે અને મહેંકનો માંડવો બંધાયો છે. મા સરસ્વતીના પ્રાગટ્યને લઈને આવતીત વસંતઋતુનું ગૌરવ કરીએ. જ્ઞાનની દેવીને શતશત નમન કરી સુગંધ અને શણગારની ઋતુને લાડ લડાવી શ્વાસમાં ભરી લઈએ.

આવો, ઘડીક નવરાશની પળો શોધીને માણીએ અને મમળાવીએ આવા ઋતુપરિવર્તનના માહોલને..! મન મૂકીને રંગોની સજાવટ કરતા બગીચાઓમાં ફોરમના મેળા જામ્યા છે. 'મરવા' ફૂટવા એ છોડના 'જીવવા'ની નિશાની છે. નવજીવન ધારણ કરતી, મરવા પડેલી વનરાજીમાં નવો પ્રાણસંચાર થવા લાગ્યો છે. વાસંતી વાયરાની વહાલભરી ટપલી ઝીલતી વનરાજી આજ રાજી રાજી થઈ રહી છે. ચાલો, ઘડીભર સાંસારિક વિટંબણાઓ વિસરી જઈ આ સુગંધી સંમેલનમાં જોતરાઈ જઈએ. યૌવનને ઉત્સાહ પ્રેરતું અને વહાલાંની સ્મૃતિઓ છંછેડતું 'વાસંતી વાતાવરણ' પ્રકૃતિએ આપેલો અણમોલ ઉપહાર છે.

આવા નિયતિદત્ત નિર્માણને આંખથી નિરખીએ અને ઉરથી આવકારીએ. ઋતુઓનો રાજા આવે છે. ચાલો, પ્રેમનું ગીત ગાઈ મનમોરલાનું નૃત્ય માણીએ.

- શૈલેષ પંડ્યા
(ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજ)

### કેઍસવી ફૅકલ્ટી ઑફ ઍજ્યુકેશન અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના સંયુક્ત ઉપક્રમે

# લેખ લખવાની કળા વિષયે વ્યાખ્યાન-સ્પર્ધાનું આયોજન



ગાંધીનગર, તા. ૨૨

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફૅકલ્ટી ઑફ ઍજ્યુકેશન, સૅક્ટર-૨૩, ગાંધીનગર અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓ વિવિધ પ્રકારના વિષયો ઉપર લેખ લખે અને લેખનકાર્ય કરતાં શીખે તે હેતુથી તાજેતરમાં લેખ લખવાની કળા વિષયે વ્યાખ્યાન અને સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના આરંભે પ્રા. નરેન્દ્રભાઈ નાયીએ વક્તા તરીકે ઉપસ્થિત જાણીતા નાટ્યકાર અને કટાર લેખક કુંતલ નિમાવતનો પરિચય વિદ્યાર્થીઓને આપ્યો હતો. એ પછી કુંતલ નિમાવત દ્વારા લેખ એટલે શું ? લેખની લાક્ષણિકતાઓ, તેના પ્રકારો, તેને લખવાની કળા અંગે ઊંડાણપૂર્વકની માહિતી વિદ્યાર્થીઓને પૂરી પાડી હતી. તેમણે લેખ માટેના વિષયો પસંદ કરવામાં પણ વિદ્યાર્થીઓની સહાય કરી હતી અને ત્યારબાદ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત વિવિધ શાળા-કૉલેજમાંથી ઉપસ્થિત રહેલા વિદ્યાર્થીઓએ પોતાના પસંદીદા વિષયે લેખો પણ લખ્યા હતા.

આ પ્રસંગે ઍસ ઍસ પટેલ કૉલેજ ઑફ ઍજ્યુકેશનના ઍચઓડી ડૉ. જિજ્ઞાસાબેન જોષી પણ ઉપસ્થિત રહ્યાં હતાં.



શ્રી સ્વામીનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજ ભારતીય સંસ્કૃતિના પ્રચાર, પ્રસાર અને વિશ્વશાંતિ અર્થે નાઈરોબી-કેમ્પા પધાર્યા છે. કેનિયાના ડેપ્યુટી પ્રેસિડેન્ટ વિલીયમ સમોઈ આરપ રુટોને મળીને તેમણે આશીર્વાદ પાઠવ્યા હતા અને મકરસંક્રાંતિ પર્વે કેનિયાને ચૅરિટી પેટે ૧૦ લાખ શિલીંગનો દાનનો ચેક અર્પણ કર્યો હતો.











ગાંધીનગર, તા. ૨૨

સૅક્ટર-૫ એ ખાતે સ્થિત પ્રેરણા વિદ્યાલયનાં જુનિયર કેજી અને સિનિયર કેજીનાં બાળકો માટે વાર્ષિક રમતોત્સવનું ઉત્સાહી આયોજન કરવામાં આવ્યું હતું.

સૅક્ટર-૫ના ઉદ્યાન ખાતે આયોજિત આ રમતોત્સવ અંતર્ગત બાળકોએ લીંબુ-ચમચી, અંકની ઓળખ, દોડ, કૂદકો મારી ચૉકલેટ ખાવી, સંગીત ખુરશી જેવી રમતોમાં ઉત્સાહથી ભાગ લીધો હતો.

લીંબુ ચમચીની રમતમાં સિનિયર કેજી વિભાગમાં અનુક્રમે યશ્વી બિહોલા, કાવ્યા પરમાર અને દેવાંશી ભરવાડ, જુનિયર કેજી વિભાગમાં રિપલ વાઘેલા, પૃથ્વીરાજસિંહ ઝાલા, ક્રિયાન્સ સાંકોડિયા, અંકની ઓળખ સ્પર્ધામાં સિનિયર કેજી વિભાગમાં માહિ પંચાલ, ચિંતન ગોલ, જાહ્નવી પટેલ, જુનિયર કેજી વિભાગમાં પ્રેક્ષા ડોડિયા, રુદ્ર પટેલ, વિવેક ઠાકોર, સંગીત ખુરશી રમતની સ્પર્ધામાં સિનિયર કેજી વિભાગમાં વિશ્વા રાઠોડ, મૃદંગ પ્રજાપતિ, એન્જલ ધ્રાંધેશા, જુનિયર કેજી વિભાગમાં દિયા ઠાકોર, દિપાલી મકવાણા, પર્વ ચૌધરી, કૂદકો મારી ચૉકલેટ ખાવી સ્પર્ધામાં સિનિયર કેજી વિભાગમાં વિધિ બિહોલા, વિશાલ રાવળ, આરોહી ઠાકર, જુનિયર કેજી વિભાગમાં આરવ પટેલ, દિવ્ય પટેલ, રાજવી ડોડિયા, દોડની રમતમાં સિનિયર કેજી વિભાગમાં કિરપાલ વાઘેલા, ચિરાગ પ્રજાપતિ, ક્રિશા પ્રજાપતિ, જુનિયર કેજી વિભાગમાં પૂનમ પરિહાર, નેહલ પારેખ, આર્યન દેસાઈ વિજેતા બન્યા હતા.

સૅક્ટર-૫ એનાં વસાહતી આરાધ્યા ઉપેન્દ્રસિંહ બિહોલા તરફથી વિજેતા વિદ્યાર્થીઓને ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં. સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલા અને આચાર્ય મનીષભાઈ ખત્રીના હસ્તે આ ઈનામો બાળકોને એનાયત કરવામાં આવ્યાં હતાં.

બાળકોના વાલીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને જીવંતતા બક્ષી હતી.

સમગ્ર રમતોત્સવનું આયોજન હિનાબેન ત્રિવેદી અને મનીષાબેન ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

# યુવાનોના પ્રભાવનો જયઘોષ કરતો 'ઓક્સફોર્ડ વર્ડ ઓફ ધ યર – ૨૦૧૭' : 'યુથક્વેક'




યુવાનોની તાકાતને ઉજાગર કરતો શબ્દ 'યુથક્વેક'. આ શબ્દ ૨૦૧૭માં વિશ્વમાં સૌથી વધુ ઉપયોગમાં લેવામાં આવ્યો હતો. કેટલીકવાર શબ્દો માન્યતાના આધારે જન્મતા હોય છે. જ્યારે નવો શબ્દ જન્મે છે ત્યારે તેના પાયામાં સર્વસંમતિનું ગમ્મર વલોણું વલોવાતુ હોય છે. માન્યતાનો આધાર અને સૌકોઈની અનુમતિ ભાષાનુ બારણું ધણધણાવે છે અને જ્યારે ભાષા અને સાહિત્ય વિશ્વનુ બારણું ખુલે ત્યારે નવા શબ્દનો પ્રવેશ થાય છે. નવા શબ્દના પ્રવેશ સમયે સાહિત્યનું વિશ્વ આ શબ્દની આતુરતાપૂર્વક રાહ જોતું હોય છે. 'યુથ ક્વેક' શબ્દ ભવિષ્યની આશા સાથે જોડાયેલો અદભુત શબ્દ છે.

'યુથક્વેક' શબ્દને ધ ઓક્સફોર્ડ ડિક્શનરીએ વર્ડ ઓફ ધ યર ૨૦૧૭ તરીકે જાહેર કર્યો. 'યુથક્વેક' શબ્દ સમૂહમાં પહેલો શબ્દ 'યુથ' અને બીજો 'ક્વેક' એમ બે જોરદાર શબ્દોનો સમાવેશ થાય છે. 'યુથ' શબ્દ વિષેશ ધ્યાનાકર્ષક છે. જે પરંપરાઓના સથવારે નિર્ધારિત ચીલાઓ ઉપર ચાલે એ વૃદ્ધ. યુવાની તો વય, વિચાર અને વર્તન એમ ત્રણ રીતેથી પરખાય. જો કે જ્યારે વય પ્રમાણે યુવાની મુકરર કરવી હોય તો વિશ્વ સમસ્ત કહે છે કે, ૧૫થી ૩૫ વર્ષ વચ્ચેની વય ધરાવતો વ્યક્તિ યુવાન.

નવું જાણવાની, નવું સમજવાની અને નવું કાર્ય નિર્ભયતાથી કરવાની તમન્નાવાળો હોય એ યુવાન. વર્ડ ઓફ ધ યર-૨૦૧૭ 'યુથક્વેક' શબ્દ સાંસ્કૃતિક, રાજનૈતિક કે સામાજિક બદલાવમાં યુવાનોએ સર્જેલા જબરજસ્ત પ્રભાવના થયેલા જયઘોષના સંદર્ભમાં પ્રયોજાયો છે. આ શબ્દ ગત વર્ષે બ્રિટનમાં યોજાયેલી ચૂંટણી દરમિયાન ખુબ ચર્ચામાં રહ્યો. કોન્ઝર્વેટિવ પાર્ટીના ટેરેસા મેના સાત અઠવાડિયાના સઘન ચૂંટણી પ્રચાર પછી જૂન તા. ૮, ૨૦૧૭ના રોજ યોજાયેલા મતદાનમાં યુવા મતદારોએ લેબર પાર્ટીને મન મૂકીને થોકબંધ મતો સાથે ચૂંટી કાઢી. બ્રિટનનો 'બ્રેગ્ઝિટ વોટ' અને અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પની જીત પછી ઉમ્મિદોથી ભરેલો 'યુથક્વેક' શબ્દ તાકાતથી ઉભરી આવ્યો. વિશ્વની પ્રતિષ્ઠિત ઓક્સફોર્ડ ડિક્શનેરીના પ્રેસીડેન્ટ કેસ્પર ગ્રાથવોલ છે. પ્રમાણો અને ભાષા સંબંધી આધારો સાથે 'યુથ ક્વેક' શબ્દ પસંદ કરવામાં આવ્યો છે. આજે દુનિયામાં અશાંતિના મસમોટા વમળો સામે દુર્લભ રાજનીતિમાં નવી આશા અને નવા અરમાન સાથેની ઉજળી ભાત ઉપસાવતો 'યુથ ક્વેક' શબ્દ મનમાં વિશ્વાસ ભરે છે.

ઓસ્ટ્રેલિયામાં નવેમ્બરમાં જનમત સંગ્રહના સંદર્ભમાં 'યુથક્વેક' શબ્દ મોટાપાયે લોકજીભે ચડ્યો. આ શબ્દને વિશ્વભરના યુવાનોએ ખૂબ આવકાર્યો. ઓક્સફોર્ડ ડિક્શનેરીના સર્વેક્ષણ મુજબ ૨૦૧૭માં વિવિધ ભાષણોમાં 'યુથ ક્વેક' શબ્દનો ઉપયોગ અનેક ગણો વધી ગયો હતો. આ શબ્દનો ૨૦૧૭માં વિશ્વના અખબારો, પુસ્તકો, બ્લોગ્સમાં પણ બેશુમાર ઉપયોગ થયો.



'યુથક્વેક' શબ્દનો સૌથી પહેલીવાર ૧૯૬૫માં જાણિતા મેગેઝીન 'વોગ'માં ડાયના રીલૅંડે કર્યો. ડાયનાએ ફેશન, મ્યુઝિક અને જનતાના વ્યવહારમાં આવેલા અચાનક બદલાવના સંદર્ભમાં 'વોગ'ના જાન્યુઆરી-૧૯૬૫ના તંત્રીલેખમાં 'યુથક્વેક' શબ્દ પ્રયોજ્યો હતો.

'યુથક્વેક' શબ્દની સાથે બીજા આઠ શબ્દો રેસમાં હતાં. જેમાં અત્યાંત્યિક જમણેરી વિચારધારાના સમર્થક એવા આતંકવાદી જૂથો બનાવી રાજકીય વિરોધ કરવાવાળા માટે વપરાતો શબ્દ 'એન્ટીફા' (Antifa) સૌથી આગળ હતો. આ ઉપરાંત પરંપરાગત અને રૂઢિચુસ્ત દ્રષ્ટિકોણથી વિચારધારાથી ઘેરાયેલો અને પ્રગતિશીલ વિચારોથી અકળાયેલા વ્યક્તિ માટે વપરાતો બ્રફ્લેક (Broflake) શબ્દ, આઉટડોર એક્ટિવિટી માટે ઉપયોગી ડ્રેસ સ્ટાઈલ માટે વપરાતો શબ્દ જોપકોર (Gopcroe), રાજકીય હેતુસર બ્લેકમેઈલ કરવા કે જબરજસ્તીથી ગેરમાર્ગે દોરવા પ્રયોજાતો શબ્દ કોમપ્રોમેટ (Kompromat) પણ રેસમા રહ્યા. સાથે સાથે શરૂ શરૂમાં સોશ્યલ મિડિયા ઉપર ખૂબ મોજ કરતો પણ પછી ટૂંક સમયમાં જ સોશ્યલ મિડીયાથી કંટાળેલો વ્યક્તિ માટે વપરાતો શબ્દ મિલ્કશેક ડક (Milk shake duke), એડવર્ટાઈઝીંગ અને સમાચાર દ્વારા પ્રસાર કે ઉત્પાદનને બ્રાન્ડીંગ કરવા માટેની પ્રક્રિયા માટે વપરાતો શબ્દ ન્યુઝ જેકીંગ (News Jacking), ઝગમગતી સપ્તરંગી ખાદ્ય સામગ્રી કે પીણા માટે વપરાતો શબ્દ યુનિકોર્ન (Unicron) અને ગોરાઓ દ્વારા કરવામાં આવતી વંશીય ટીપ્પણી માટેનો શબ્દપ્રયોગ વ્હાઈટ ફ્રજીલીટી (white fragility) શબ્દ પણ વર્ડ ઓફ ધ યર ૨૦૧૭ માટે રેસમા હતા. ગત વર્ષે ૨૦૧૬માં 'પોસ્ટ ટ્રુથ' અને ૨૦૧૫માં 'ફેઈસ વીથ ટીઅર્સ ઓફ જોય' - 'ઈમોજી' શબ્દને વર્ડ ઓફ ધ યરમાં સ્થાન મળ્યું હતું. છેલ્લા એક વર્ષ દરમિયાન વિશ્વના લોકોએ જે શબ્દ માટે સૌથી વધુ રસ દાખવ્યો હોય એવા શબ્દોને તારવીને એની ઉપર ગહન ચર્ચા થતી હોય છે. આખા વર્ષ દરમિયાન સ્વભાવ, મૂડ, શબ્દનો ઉપયોગ વગેરે પાસાને ચકાસીને 'વર્ડ ઓફ ધ યર' નક્કી થતો હોય છે. જર્મની, રશિયા, યુક્રેઈન, પોર્ટુગલ, નોર્વે જેવા દેશોમાં પણ 'વર્ડ ઓફ ધ યર' જાહેર કરવામાં આવતા હોય છે.

યુવાનોની વિચારધારાને સામાજિક રાજકીય પ્રક્રીયા સાથે જબરજસ્ત રીતે સાંકળી લેતો શબ્દ 'યુથક્વેક' ૨૦૧૭ દરમિયાન વિશ્વ સમસ્તની ભાષાઓ દ્વારા સાહિત્યમાં હલચલ મચાવી ગયો. આમ પણ કહેવાય છે ને કે યૌવન હંમેશા ખુશહાલ હોય છે કારણ કે, એનામાં ખુબસુરતી જોવાની અદભુત ક્ષમતા હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો જે વ્યક્તિમાં ખુબસુરતી જોવાની ક્ષમતા હોય છે તે વૃદ્ધ જ થતો નથી. યુવાની એક મજાનું સપનું છે. એક પ્રકારની રાસાયણિક પ્રક્રિયાથી પેદા થતું પાગલપન છે. ચાણક્યએ દુનિયાની બે સૌથી મોટી શક્તિઓમાં 'યુવાની' અને 'નારીની સુન્દરતા'ને સ્થાન આપ્યુ છે. ઘરડો ઘરેડમાં ચાલતો હોય છે. યુવાન વિચારને અમલમાં મૂકી કાર્ય કરે છે.

'યુથક્વેક' શબ્દ જ્યારે વિશ્વ સમસ્તમાં ખૂબ ચર્ચાયો ત્યારે એડોલ્ફ હીટલરે કરેલી વાત યાદ આવી જાય. હિટલર આમ તો જુલ્મી સરમુખત્યાર પણ એક તત્વચિંતક પણ ખરો. એણે કહ્યું હતું કે, ચરિત્રને ક્યારેય બગીચા જેવું ન બનાવવું જોઈએ, જેમાં ગમે તે આવી લટાર મારીને ચાલ્યો જાય. યુવાનીમાં ચરિત્રને આકાશ જેવું બનાવવું જોઈએ, જ્યાં સુધી પહોંચવા માટે સૌકોઈની પ્રબળ ઈચ્છા થાય અને ત્યાં પહોંચવા મથામણ કરે. જ્યાં યુવાની છે ત્યાં વિચારોનો વિસ્ફોટ છે અને અનિતી સામે નીતિમત્તાનું યુધ્ધ છે. યુવાની દુર્ગુણો સામે નિષ્ઠાથી અડગ ઉભો છે. યુવાનીમાં કાળની ચાલ બદલી નાખવાની તાકાત હોય. જોશ અને હોશનું ગજબનું સંતુલન જળવાતુ હોય એ સાચી યુવાની. જેની પાસે સમસ્યાઓનુ સમાધાન છે અને ઈતિહાસ રચવાની ક્ષમતા છે એ યુવાન છે. યુવાનીને વાતો કરવા કરતાં નક્કર કામમાં રસ હોય છે. લક્ષ્ય નિર્ધાર, આત્મવિશ્વાસ અને સમર્પણની ત્રિવેણી યુવાનીની પહેચાન છે.

સ્વામી વિવેકાનંદે મદ્રાસ અને અત્યારના ચેન્નાઈમાં યુવાનોને ટંકાર કરતા કહ્યું હતું કે, 'યુવાનોની ક્ષમતા ઉપર મને અતુટ વિશ્વાસ છે. એમાંથી જ રાષ્ટ્ર નિર્માણના મજબૂત સૈનિકો પેદા થવાના છે. યુવાનોના પરાક્રમોથી સમસ્ત વિશ્વ બદલાશે. મને સો ચરિત્ર્યવાન અને દ્રઢ મનોબળ વાળા યુવાનો આપો. હું રાષ્ટ્રની કાયાપલટ કરી નાખીશ.' 'યુથક્વેક' શબ્દ યુવાનોને રાજકારણ પ્રત્યે ઉદાસિન છે તે માન્યતાનો છેદ ઉડાડીને સ્વામી વિવેકાનંદજીએ પ્રબોધેલી યુવાશક્તિનો પડઘો પાડે છે.

**ધબકાર**

'આજ યે દીવાર પરદો કી તરહ હીલને લગી, શર્ત યે થી કી બુનિયાદ હીલની ચાહીએ, મેરે સીને મે નહીં તો તેરે સીનેમે સહી, હો કહી ભી આગ, લેકીન યે આગ જલની ચાહીએ...'

- કવિ દુષ્યંત